

## હિંમતનગરમાં પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલને શ્રદ્ધાંજલી અર્પણ કરાઈ

રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને દિવંગત કેશુભાઈ પટેલને શ્રદ્ધાંજલી અર્પણ કરવાનો કાર્યક્રમ શહેર ભાજપ અને તાલુકા ભાજપ દ્વારા હિંમતનગર ટાવરચોક બગીચા ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, જીલ્લા અધ્યક્ષ જે.ડી. પટેલ, શહેર પ્રમુખ હર્ષદભાઈ મિસ્ત્રી, મહામંત્રી કિરીટભાઈ શાહ, જયેશભાઈ કવિ, હિંમતનગર નગરપાલિકાના કોર્પોરેટરો સહિત કાર્યકરો અને હોદેદારોએ સ્વ. કેશુભાપાને રાજ્યના વિકાસમાં આપેલ યોગદાનને યાદ કરી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

# બનાસ ડેરીના ચેરમેન પદે શંકર ચૌધરી

### એશિયાની સૌથી મોટી ડેરીની ચૂંટણી : પાલનપુરમાં આવેલી વર્ષે ૧૨ હજાર કરોડનું ટર્ન ઓવર કરતી ડેરીના વાઇસ ચેરમેન તરીકે ભાવા રબારીની વરણી

એશિયાની સૌથી મોટી અને વર્ષે ૧૨ હજાર કરોડ રૂપિયાનું ટર્ન ઓવર ધરાવતી બનાસડેરીના ચેરમેન તરીકે આજે ફરીથી શંકર ચૌધરીની વરણી કરાઈ છે. તો વાઈસ ચેરમેન તરીકે ભાવાભાઈ રબારીની સર્વાનુમતે વરણી કરાઈ છે.



બનાસકાંઠાના પાલનપુરમાં આવેલી અને વર્ષે ૧૨ હજાર કરોડ રૂપિયાનું ટર્ન ઓવર ધરાવતી બનાસડેરીની તમામ બેઠકો બિનહરીફ થયા બાદ આજે ચેરમેન અને વાઇસ ચેરમેનની વરણી માટે બનાસડેરીમાં નિયામક મંડળની બેઠક યોજાઈ હતી. જેમાં બનાસડેરીના ચેરમેન તરીકે શંકર ચૌધરીની દરખાસ્ત બનાસકાંઠાના સાંસદ અને થરાદના ડિરેકટર પરબતભાઈ પટેલે મુક્તા તમામ ડિરેકટરોએ તેને વધાવી લેતા સર્વાનુમતે ડિરેકટર તરીકે શંકરભાઈ ચૌધરીના હાથમાં બનાસડેરીની સત્તા સોંપાઈ હતી. તો વાઇસ ચેરમેન તરીકે અમીરગઢના ડિરેક્ટર ભાવાભાઈ રબારીની દરખાસ્ત અણદાભાઈ પટલે દ્વારા મુકતા વાઈસ ચેરમેન તરીકે ભાવાભાઈ રબારીની સર્વાનુમતે વરણી કરાઈ હતી.

આ પ્રસંગે શંકર ચૌધરીએ કહ્યું હતું કે, હું પશુપાલકોનો આભારી છું કે તેમને મારામાં વિશ્વાસ મુક્યો, જિલ્લો દેશમાં પશુપાલકો માટેનું મોડલ બને તેવો મારો સંકલ્પ છે અને તે કરીશું પશુપાલકો અને સામાન્ય માણસને દૂધના પૈસા તેના ઘર આંગણે મળે ખેતીના પાકનું વેલ્યુએડિશન મળે તો તે પોતાના બાળકોને સારી રીતે ભણાવી શકે તેવું કરીશું. બટાકાના પાકમાં વેલ્યુ એડિશન કરીને દુનિયાના માર્કેટમાં મૂકી શકાય તેમજ મગફળી અને તેલીબિયાંના માટે પણ વિચારી રહ્યા છીએ તેવી જ રીતે હાઇડ્રોપોનિક રીતે ઘાસ ઉગાડવાનું કામ પણ પ્રોજેક્ટ દ્વારા કરીશું અને અન્ય કામો માટે અમે નિયામક મંડળની દિવાળી પહેલા શિબિર રાખીશું અને તેમાં ચર્ચા કરીને કામ આગળ ધપાવશું તો દુનિયામાં સૌથી વધુ પશુપાલકોને અમે ભાવ આપીએ છીએ પણ તે પૂરતું નથી તેમાં હજુ આગળ વધવું છે તો પશુપાલકોને ખર્ચ કેવી રીતે ઓછો આવે તે દિશામાં અને બ્રિડ અપગ્રેડ કરવાનું કામ કરવું છે.

બનાસડેરીની સતા ફરીથી શંકર ચૌધરીના હાથમાં આવતા જિલ્લાના અનેક આગેવાનો શંકર ચોધરીને શુભેચ્છાઓ આપવા આવ્યા હતા ત્યાં ભાજપના નેતા અને એક સમયના શંકર ચોધરીના વિરોધી અલ્પેશ ઠાકોર પણ બનાસડેરી પહોંચ્યા હતા અને તેમને શંકર ચોધરીને શુભેચ્છાઓ પાઠવતા કહ્યું હતું કે, શંકરભાઇના નેતૃત્વમાં બનાસડેરી ખુબજ સદ્ધર બની છે તેમને લાખો પશુપાલકોને ખુબજ ફાયદો કરાવ્યો છે. હું શુભકામનાઓ આપવા આવ્યો છું કે શંકરભાઈના નેતૃત્વમાં બનાસડેરી ખુબજ આગળ વધે અને વિકાસ કરે.



# ધનસુરામાં કોરોનાના વધુ ત્રણ કેસો નોંધાયા

ધનસુરા, તા. ૪

ધનસુરામાં કોરોનાના વધુ ૩ કેસો નોંધાયા છે. ધનસુરાની ગિરીરાજ સોસાયટીમાં ૩ લોકોનો કોરોના નોધાયો છે. ગિરીરાજ સોસાયટીમાં ૩૫ વર્ષિય મહિલા, ૪૬ વર્ષિય પુરૂષ અને ૧૫ વર્ષિય કિશોરને કોરોના નોધાયો છે. ધનસુરા તાલુકામાં દિવસે ને દિવસે કોરોનાના કેસ વધતા જાય છે ત્યારે લોકો જાગૃતતા રાખે અને સરકારની ગાઈડ લાઈન મુજબ સાવધાની રાખે. માસ્ક પહેરવું, સેનિટાઈઝરનો ઉપયોગ તથા કામ વગર બહાર જવાનું ટાળવું જોઈએ. કોરોનાના કેસ વધી રહ્યા છે ત્યારે બી.પી, ડાયાબિટીસ અને હદયના રોગ ધરાવતા લોકો વડીલો અને બાળકોએ હાલ ખાસ તકેદારી રાખવાની જરુરી છે. નહી તો ધનસુરા મિનિ અમદાવાદ ના બની જાય.

ધનસુરામાં કેટલીક સોસાયટીઓમાં તેમજ ધનસુરા તાલુકાના આકરૂન્દ(ખરાબા), કંજોડિયા સહિતના વિસ્તારોમાં પણ કોરોનાના કેસ નોધાયા છે. છતાં ગામમાં કેટલાક લોકો માસ્ક વગર ફરતા જોવા મળી રહ્યા છે. ગ્રામ પંચાયત અને આરોગ્યતંત્ર ધ્વારા પણ વારંવાર સૂચનાઓ આપવામાં આવી રહી છે સાથે ધનસુરા તાલુકા હેલ્થ ઓફિસર યોગેશભાઈ ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ આરોગ્યતંત્ર ધ્વારા સેનેટાઈઝિંગ અને સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ યશવંતભાઈ પટેલ અને પંચાયત ધ્વારા ગામમાં સૂચના આપવામાં આવી છે. ગામમાં જનતાને જાણ કરી છે કે વિસ્તારના તમામ નાગરીકોને અને વહેપારીઓને સેનિટાઈઝર તથા માસ્કનો ઉપયોગ કરવા જણાવ્યું છે તેમજ તમામ નાગરિકોને માસ્ક ફરજિયાત પહેરવાના રહેશે. જે આ નિયમનું પાલન નહી કરે તેમની ઉપર દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

# મોડાસા માર્કેટયાર્ડમાં ચેરમેન પદે રાજુભાઈ છગનભાઈ પટેલ બિનહરીફ વરણી થતા ખુશીનો માહોલ

મોડાસા, તા. ૪

અરવલ્લી જીલ્લાના સૌથી મોટા મોડાસા માર્કેટયાર્ડમાં ચેરમેનની અઢી વર્ષ માટે ટર્મ પુરી થતાની સાથે સહકારી રાજકારણ ગરમાયુ હતું, રાજ્ય નિયામક દ્વારા માર્કેટયાર્ડમાં બાકી રહેલ અઢી વર્ષના ટર્મ માટે ૩જી નવેમ્બરે મીટિંગ યોજાવાની જાહેરાત કરતાની સાથે ચેરમેન પદ મેળવવા માટે ચૂંટણી થશે કે પછી બોર્ડ ડિરેક્ટર ચેરમેન પદ માટે સર્વાનુમતે નક્કી થશેની ચર્ચાઓ વચ્ચે મંગળવારે મોડાસા માર્કેટયાર્ડના ચેરમેન તરીકે આનંદપુરા કંપાના સહકારી અગ્રણી રાજુભાઈ પટેલ બીન હરીફ વરણી કરવામાં આવતા સહકારી માળખામાં હર્ષની લાગણી છવાઈ હતી.



મોડાસા માર્કેટયાર્ડમાં મહીસાગર જીલ્લા રજિસ્ટ્રારના અધ્યક્ષસ્થાને મંગળવારે બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક યોજાઈ હતી જેમાં માર્કેટયાર્ડના ચેરમેન પદે રાજુભાઈ છગનભાઈ પટેલની બિનહરીફ વરણી થતાની સાથે તેમના શુભેચ્છકો સામાજિક અગ્રણીઓએ મોટી સંખ્યામાં માર્કેટયાર્ડમાં ઉમટી પડ્યા હતા અને ફુલહાર પહેરાવી મોં મીઠું કરાવ્યું હતું. માર્કેટયાર્ડ ચેરમેન તરીકે બીન હરીફ વરણી થતા રાજુભાઈ પટેલે તમામ ડિરેકટર્સ અને શુભેચ્છકોનો આભાર માન્યો હતો.

### ધાનેરાના લાયબ્રેરી વિસ્તારમાં ૩૫ જેટલી દુકાનોને

# તંત્ર દ્વારા સીલ મારતા વેપારીઓને દિવાળી ટાણે જ હોળી જેવો ઘાટ ઘડાયો

ધાનેરાના લાઈબ્રેરી વિસ્તારમાં વર્ષોથી વેપારીઓ દુકાન ચલાવી પોતાનું અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે વર્ષો પહેલાં તંત્ર દ્વારા એક ટ્રસ્ટ ને આ જમીન લાયબ્રેરી બનાવવાના હેતુ માટે આપવામાં આવી હતી પરંતુ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા આ જગ્યાને પર દુકાનો બનાવી પાઘડીની સિસ્ટમથી દુકાનો ગરીબ અને ભોળા વેપારીઓને પધરાવી દીધી હતી જે બાબતને લઈને અત્યારે આ તમામ દુકાનો વાળી જગ્યા શ્રી સરકાર થઈ જવા પામી છે અને શ્રી સરકાર થઈ જતા તંત્ર દ્વારા ત્રણ નોટિસ આપવામાં આવી હતી અને એ નોટિસ બાદ આજે આ તમામ દુકાનોને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે દિવાળી ટાણે જ દુકાનો સીલ થઈ જતા વેપારીઓ પડી ભાંગ્યા છે અને વેપારીઓ સહિત વેપારીઓમાં પરિવારજનો દુકાન આગળ બેસી રો કકળ કરી રહ્યા છે ધાનેરા નાના વેપારીઓ પર કુદરત જાણે રૂઠી હોય તેમ પહેલા પુર તે બાદ કોરોના અને સતત લટકતી દબાણ ની તલવાર બાદ આજે શ્રી સરકાર થયેલી જમીને વેપારીઓને રાતા પાણીએ રડાવ્યા છે વેપારીઓ તેમજ તેમના પરિવારમાં દિવાળી મનાવવાનો ખૂબ જ ઉત્સુક હતો પરંતુ આજે તેમની રોજીરોટી છીનવાઈ જતા આ ઉત્સવ એક માતમમાં ફેરવાયો હોય તેઓ ઘાટ ઘડાયો છે કેટલાક ટ્રસ્ટીઓ દ્વારા વેપારીઓને ખૂબ જ ઊંચા ભાવે દુકાન પધરાવી અને પ્રતિમાસ પાઘડી સિસ્ટમથી પાડુ પડાવ્યું અને તે બાદ આજે આ જગ્યા શ્રી સરકાર થઈ છે જેને લઈ તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે તંત્રના અધિકારીઓ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે આજે આ તમામ દુકાનોને સીલ મારે દુકાનો સીલ થઈ જતા વેપારીઓ પડી ભાંગ્યા છે અને ખોટી રીતે વેપારીઓ સાથે છેતરપિંડી કરનાર લોકો સામે વેપારીઓ તેમજ વેપારીના પરિવારજનો ફિટકાર વરસાવી રહ્યા છે અત્યારે તો આ વેપારીઓની રોજીરોટી છીનવાઈ ગઈ છે પરંતુ તંત્ર દ્વારા આ ગરીબ અને ભોળા વેપારીઓ સામે છેતરપિંડી કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરે અને આ વેપારીઓને ન્યાય અપાવે તેવી લોક માંગ ઉઠી રહી છે.





# ડીસામાં વ્યાજ સાથે મૂળ રકમ કરતા વધુ રૂપિયાની ઉઘરાણી મુદ્દે ફરિયાદ

### ઘરે જઈ ગાળાગાળી કરી કોરા ચેક લઈ ગયાનો પણ આક્ષેપ

ડીસા, તા. ૪

ડીસાના ખેડૂતે વ્યાજે પૈસા આપનાર ઈસમ વિરુદ્ધ વ્યાજ સાથે મૂળ રકમ કરતાં વધુ પૈસાની ઉઘરાણી અને ગાળો બોલી કોરા ચેક લઇ લીધા હોવાની ફરીયાદ નોંધાવી છે. ખેડૂતને મગફળીનું વાવેતર કરવા પૈસાની જરૂર હોઈ ત્રણ ટકા વ્યાજે ડીસાના ઈસમ પાસેથી ૪.૫૦ લાખ લીધા હતા. જે બાદમાં નાણા આપનાર ઈસમે ૩ ટકાથી વધુ વ્યાજ ગણી ફરીયાદી પાસે ૪.૫૦ લાખને બદલે ૧૦.૫૦ લાખની ઉઘરાણી કરી અવાર-નવાર ફોન કરી હેરાન કરતાં હોવાનું ફરીયાદમાં લખાવ્યુ છે. જે બાદમાં ગઈકાલે ફરીયાદીની ગેરહાજરીમાં આ ઈસમે ઘરે જઈ ગાળાગાળી કરી અને ફરીયાદીની સહીવાળા કોરા ચેક લઈ ગયા હોવાનો પણ ફરીયાદમાં ઉલ્લેખ કર્યો છે.

બનાસકાંઠા જીલ્લાના ડીસાના કાંટરોડ વિસ્તારમાં રહેતાં મનિષકુમાર ઉર્ફે દિનેશ શાંતિલાલ પઢીયાર (સુદેશા) ખેતી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત ચોમાસાની સીઝનમાં તેમને મગફળીનું વાવેતર કરવા રોકડ પૈસાની જરૂર હોઇ તેમણે તેજસભાઇ સુભાષભાઇ ટાંક (રહે. જલારામ મંદિરની સામે, ડીસા)નો સંપર્ક કરતાં ૩ ટકા લેખે પ્રથમ ૩,૦૦,૦૦૦ અને બાદમાં ૧,૫૦,૦૦૦ રૂ. લીધા હતા. જે બાદમાં આશરે બે મહિના અગાઉ તેજસભાઇએ ફરીયાદીને ફોન કરી ગાળો બોલી પૈસાની ઉઘરાણી કરતાં ફરીયાદીએ કહેલ કે મગફળી નીકળશે ત્યારે વેચીને પૈસા આપીશ.

આ દરમ્યાન એકાદ મહિના અગાઉ ફરીયાદીને ઓફીસમાં બોલાવી હીસાબ કરતાં કહેલ કે તારે મને ૧૦.૫૦ લાખ રૂપિયા આપવાના થાય છે. જેથી ફરીયાદીએ ચોંકી જઇને કહેલ કે મારે ૪.૫૦ લાખ રૂપિયા જ આપવાના થાય તો તેજસભાઇએ કોલર પકડી માથાના ભાગે મુક્કો મારી ધમકી આપી હતી કે તુ પૈસા નહીં આપે તો હું તને ખેતરમાં ય જીવતો નહીં રહેવા દઉ. આ તરફ ગઇકાલે તેજસભાઇ ઘરે આવીને ફરીયાદીના પત્નિ અને મમ્મી સાથે ગાળાગાળી કરી ધમકીઓ આપી હોવાનો અને અગાઉ રકમ ભર્યા વગરના સહી કરેલા કોરા ચેક લઇ લીધા હોવાનો ફરીયાદમાં ઉલ્લેખ કર્યો છે. જેથી ડીસા દક્ષિણ પોલીસે તેજસભાઇ સામે આઇપીસીની કલમ ૩૨૩, ૨૯૪ (બી), ૫૦૬ (૨), ૫૦૭ અને વ્યાજ નાણાં ધિરનાર અધિનિયમની કલમ ૩૩ (અ)(બ) મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભિલોડાના ટાકાટુકા ગામમાં દુધ ઉત્પાદકોને ટાકાટુકા બ્રાન્ડની ચા અને સુગરનું વિતરણ કરાયું

ભિલોડા,તા.૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ટાકાટુકા ગામમાં ધી ટાકાટુકા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.ના દુધ ઉત્પાદકોને ટાકાટુકા બ્રાન્ડની ચા અને સુગરનું વિતરણ કરાયું હતું.




કોરોના વાઈરસની મહામારી અને ચોમાસા દરમ્યાન અતિવૃષ્ટીના કારણે ખેડુતોને ખેતીની આવક નિષ્ફળ જવાના કારણે ધી ટાકાટુકા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.ના દુધ ઉત્પાદકોને તહેવારો નિમિત્તે મદદરૂપ થવાના મુખ્ય આશયથી દુધ ભરાવતા સભાસદોને ટાકાટુકા બ્રાન્ડની ચા અને સુગરનું વિતરણ કરાયું હતું. દુધ ભરાવતા સભાસદોમાં આનંદની લાગણી પ્રસરી હતી. હિંમતનગર સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલ, ધી સાબરકાંઠા બેંક લી.વા. ચેરમેન રાજેન્દ્રસિંહ ભાટી, સાબરડેરીના ડીરેક્ટર જેસીંગભાઈ પટેલ, ધી ટાકાટુકા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.ના ચેરમેન શામળભાઈ પટેલના વરદ્ હસ્તે વિતરણ કરાયું હતું.

# ડીવાયએસપી ભરત બાસિયાએ રતનપુર ચેકપોસ્ટ પાસે ટ્રકમાંથી ૧૨.૩૯ લાખનો દારૂ ઝડપ્યો

રાજ્યમાં વિધાસભાની આઠ બેઠકો માટે આજે મતદાન થઈ રહ્યું છે ત્યારે સોમવારે મતદાનના ગણતરીના કલાકો પહેલા અરવલ્લી ડીવાયએસપી ભરત બસિયા અને શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક રામજી નામના બુટલેગરે મંગાવેલ ૧૨.૩૯ લાખનો વિદેશી દારૂ ટર્બો ટ્રકમાંથી ઝડપી પાડી ટ્રક ડ્રાઈવર અને ક્લીનરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ડીવાયએસપી ભરત બાસિયાએ રામજી નામના બુટલેગરની ઓળખ કરી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

અરવલ્લી ડીવાયએસપી ભરત બસીયા શામળાજી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં રાજસ્થાની યુવકની હત્યા થતા સ્થળ તપાસ કરી હત્યારાઓને ઝડપી પાડવા કામગીરી દરમિયાન રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાનથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતાં શંકાસ્પદ ઝડપ સાથે પસાર થતા આઈશર ટ્રકને અટકાવી તલાસી લેતા ટ્રકમાં લાકડાના વેર ભરેલ પ્લાસ્ટીક થેલીઓના કટ્ટાની આડમાં સંતાડીને ઘુસાડાતો ગેરકાયદેસર વિદેશી દારૂ-બિયર પેટી નંગ-૨૪૭ કુલ બોટલ-ટીન નંગ -૭૧૬૪ કીં. રૂ.૧૨૩૯૧૨૦ નો જથ્થો જપ્ત કરી ટ્રક ચાલક છગનસિંહ કેસરસિંહ ચૌહાણ અને ક્લીનર પ્રકાશ ગોકુલજી પ્રજાપતિ (બંને રહ. રાજસ્થાન)ની ધરપકડ કરી મોબાઈલ, ટ્રક મળી કુલ રૂ.૨૦૪૦૬૨૦ નો મુદ્દામાલ ઝડપી પાડી વિદેશી દારૂ મંગાવનાર રામજી નામના બુટલેગર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.




## હિંમતનગર સિવિલમાં ચાર બાયપેપ મશીન લોકાર્પણ કરાયા

હિંમતનગરની સિવિલ હોસ્પીટલમાં બુધવારે હિંમતનગર રોટરી કલબ ફાઉન્ડેશન ગ્લોબલ ગ્રાન્ટ કોવીડ ૧૯ પ્રોજેક્ટ અંતગત અને સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ મંદબુદ્ધિની બાળકોની સંસ્થા ધ્વારા કોરોનામાં જરૂરી ચાર બાયપેપ મશીન જીલ્લા કલેકટર સી.જે. પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યા હતા. વર્તમાન કોવીડ૧૯ની મહામારીમાં જીલ્લાના લોકોને બચાવવા હેતુસર ઉપયોગી બાયપેપ મશીનથી દર્દીના ફેફસામાં ઓક્સિજન પહોચાડવામાં મદદરૂપ બને છે. તે અંતર્ગત રૂ. ૩ લાખની કિંમતના બાયપેપ મશીન ખરીદવામાં આવ્યા હતા. જે હિંમતનગર સિવિલ હોસ્પીટલના સિવિલ સર્જન આશિષ કર્તાકારને અર્પણ કરવામાં આવ્યા હતા. આ મશીનમાં સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટના બાલકૃષ્ણભાઈ મંગળદાસ ઠક્કર(ટીકુભાઈ)નો આર્થીક સહયોગ પ્રાપ્ત થયો હતો. આ કાર્યક્રમમાં જીલ્લા વિકાસ અધિકારી ડૉ રાજેન્દ્ર પટેલ, પૂર્વ ચેરમેન પ્રફુલ વ્યાસ, રોટરી કલબ પ્રમુખ ડૉ સંજય વેદિયા, રમેશ પટેલ, ગૌતમ દોશી, રસિક પટેલ, જે.ડી. પટેલ, મંદબુદ્ધિ બાળકોની સંસ્થાના પ્રમુખ નાનુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# તલોદ પાલિકાના કોંગ્રેસના કાઉન્સીલર સામે એબોર્શનની ફરિયાદ કરાઈ

તલોદ, તા. ૪

તલોદ નગરપાલિકાના કોંગ્રેસના વર્તમાન કાઉન્સીલર રાજુભાઈ ઉદાભાઈ શાહે તલોદ બજારમાં શાકભાજીનો વ્યવસાય કરતી પરણીત ત્રણ સંતાનોની માતા સાથે પરિચય કેળવી દુષ્કર્મ આચર્યા બાદ દોઢેક વર્ષ અગાઉ બળજબરીથી ગાડીમાં બેસાડી મંદિરમાં લઈ જઈ મંગળ સુત્ર પહેરાવી પરત આવી આજથી તુમારી પત્ની છે કહિ દુષ્કર્મ આચરતા બાળકનો જન્મ થયો હતો. બાદમાં ત્રણેક માસ અગાઉ મહિલા ફરીથી પ્રેગ્નેટ થતા કાઉન્સીલરે તલોદ સિવિલમાં અબોર્શન કરાવ્યુ હોવા અંગે ભોગ બનનારે ફરિયાદ નોંધાવતા સમગ્ર તલોદ પંથકમાં ખળભળાટ મચી ગયો હતો.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર તલોદ તાલુકાની ૩૫ વર્ષીય મહિલાના ૧૪ વર્ષ અગાઉ લગ્ન થયા હતા અને લગ્નજીવન દરમ્યાન બે દિકરા અને એક દિકરીનો જન્મ થયો હતો. પતિ-પત્ની બન્ને તલોદ બજારમાં શાકભાજીનો ધંધો કરતા હતા. પાલિકાના વર્તમાન કાઉન્સીલર રાજુભાઈ ઉદાભાઈ શાહ (રહે. સન્માન સોસાયટી, તલોદ) છ-સાત



વર્ષ અગાઉ મહિલા પતિનું ટિફીન લઈ જવા આવવા દરમ્યાન પરિચયમાં આવ્યા હતા અને પતિની ગેરહાજરીમાં ઘેર આવતો જતો થયો હતો. આ માથાભારે અસમાજીક કાઉન્સીલર પતિ-પત્ની બન્નેને ડરાવી ધમકાવી દુષ્કર્મ આચરવાનું શરૂ કર્યુ હતુ. જે સતત દારૂમાં પણ ચકચુર રહેતો હોવાનું જાણવા મળ્યુ છે. આમ ત્રણેક વર્ષ અગાઉ પતિને જાણ થતા પત્નિથી દુર થઈ ગયો હતો અને આ કાઉન્સીલરને ફાવતુ મળી ગયુ હતુ.

# ભિલોડાના આંબાબાર ગામમાં જમીન બાબતે ઝઘડો, મારી નાખવાની ધમકી

ભિલોડા,તા.૪

ભારત સરકાર મહિલા સશક્તિકરણની વાતો કરી રહી હોય ત્યારે અંતરીયાળ છેવાડાના વિવિધ વિસ્તારોમાં અસામાજીક તત્વો ધ્વારા મહિલાઓ પર હુમલાખોરો અવાર-નવાર હુમલાઓ કરતા હોય તે સમાજ માટે ખરેખર ઘાતક પુરવાર થઈ રહ્યા છે. જર,જમીન અને જોરૂ કજીયાનું છોરૂ ગુજરાતી કહેવત અનુસાર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.ભિલોડા તાલુકાના આંબાબાર ગામમાં સીમ વિસ્તારમાં જમીન બાબતે સામાન્ય બોલાચાલી દરમ્યાન બિભત્સ અપશબ્દો બોલતા મામલો ગરમાયો હતો.મહિલા સાથે ઉગ્ર આવેશમાં આવીને ત્રણ ઈસમોએ ઝગડો કરીને મારામારી કરતા હુમલાખોરોએ મહિલાને જાનથી મારી નાખવાની ધમકી ઉચ્ચારતાં મહિલાએ પોલીસ સ્ટેશનમાં હુમલાખોરો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસએ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના જણાવ્યા મુજબ આંબાબાર ગામમાં જમીન બાબતે વિવાદ વકરતા જમીનનો સર્વે નંબર.૪૨ અને નવો સર્વે નંબર.૧૩૮ બાબતે ઝગડો થયેલ હોઈ ત્યારે સામાન્ય વાતચીત દરમ્યાન ત્રણ ઈસમોએ બિભત્સ અપશબ્દો બોલીને છુટા પથ્થરો મારતા જશોદાબેન અશોકભાઈ પલાતની દિકરી ડીમ્પલ અને પુત્રવધુ ટીંકલને માથાના ભાગે તેમજ કપાળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડતા તાબડતોબ ૧૦૮ એમ્બ્યુલન્સ વાન મારફતે ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં પ્રાથમીક સારવાર અર્થે ખસેડાયા હોઈ પરંતુ ગંભીર રીતે ઈજાગ્રસ્ત બંન્ને મહિલાઓને વધુ સારવાર અર્થે હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.આંબાબાર ગામના જશોદાબેન અશોકભાઈ પલાતએ હુમલાના બનાવ સંદર્ભે નગજીભાઈ નાથાભાઈ વરસાત, રહેવાસી.આંબાબાર મિતેષભાઈ રામજીભાઈ અસારી, રહેવાસી. પાદરા અજાણ્યો એક ઈસમ વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.